# મધ્ય ગુજરાત

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 **ગોધરા કાર્યાલય :** પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080



## સંક્ષિપ્ત સમાચાર

### ટીંબાગામ પ્રાથમિક શાળાના શિક્ષક રઘુભાઇ ભરવાડને રાજ્ય પારિતોષિકથી સન્માન



**કાલોલ :** શિક્ષણ જગતમાં પોતાની અનન્ય પ્રતિભા, અપ્રતિમ કાર્યનિષ્ઠા અને નવતર પ્રયોગશીલતા દ્વારા જ્ઞાનની ગંગા વહાવનારા ટીંબાગામ પ્રાથમિક શાળાના આદર્શ શિક્ષક ભરવાડ રઘુભાઈ સોથાભાઈ જેઓનું સમગ્ર જીવન અને તેમની ૨૭ વર્ષની દીર્ઘકાલીન શૈક્ષણિક સફર પ્રત્યેક શિક્ષક અને સમાજ માટે પરમ પ્રેરણાદાયી છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના વતની અને બી.એ. (ડબલ ગ્રેજ્યુએટ) તથા એમ.એ. જેવી ઉચ્ચ લાયકાત ધરાવતા રઘુભાઈએ વર્ષ ૧૯૯૯માં જાંબુઘોડાની પનિયારા પ્રાથમિક શાળાથી પોતાના શિક્ષણયજ્ઞનો આરંભ કર્યો હતો.

### દાહોદમાં જન્માષ્ટમી પર્વની આનંદોત્સાહ સાથે ઉલ્લાસભેર ઉજવણી કરાઇ



**દાહોદ :** દાહોદ શહેરમાં જન્માષ્ટમી પર્વે વિવિધ ભગવાન શ્રીકૃષ્ણની ભવ્ય શોભાયાત્રા તેમજ મધરાતે કૃષ્ણ જન્મ જગ્યાએ મટકી ફોડ કાર્યક્રમ તથા શહેરના ઇસ્કોન મંદિરેથી નીકળેલ દર્શન માટે મંદિરોમાં થયેલ ભારે ભીડને કારણે સમગ્ર દાહોદ શહેર કૃષ્ણમય બન્યું હતું. રાવણ વધ અષ્ટમી એટલે કે જન્માષ્ટમી પર્વે ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવવા દાહોદ વાસીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંતુ શહેરમાં જગ્યાના અભાવે મેળાનું આયોજન ન કરાતા દાહોદ વાસીઓ દાહોદના ઇતિહાસમાં સૌ પ્રથમવાર જનમાષ્ટમી પર્વે મેળાના આનંદથી વંચિત રહ્યા હતા.

### સંખેડા બજાર રોડ ઉપર મટકીફોડ કાર્યક્રમમાં રોબર્ટ અને કાર્ટૂન બિચ્છુના વેશમાં યુવકો જોડાયા



**સંખેડા :** સંખેડા ખાતે બજાર રોડ ઉપર નોમની રાત્રે મટકીફોડનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આ વખતે વિદેશથી આવેલા યુવકે મટકી ફોડી હતી અને અવનવા વેશમાં આવેલા યુવકોએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. સંખેડા બજાર રોડ ઉપર નવા ટાવર પાસે સ્થાનિક યુવક મંડળ દ્વારા મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બજાર મધ્યે યોજાતો આ કાર્યક્રમ નિહાળવા માટે હૈયે હૈયું દબાય એટલી ભીડ ઉમટી પડી હતી. આ વખતે મટકી યુ કે થી વતન આવેલા પ્રેયસ સંજયભાઈ દરજીના હસ્તે ફોડવામાં આવી હતી. માનવ પિરામિડ ઉપર ચઢીને પ્રેયસભાઈએ મટકી ફોડતા જ ઉપસ્થિત જનમેદનીએ "ગોવિંદા આલા રે" ના નાદ સાથે વધાવી લીધો હતો.

### સાધલી ગામે રક્તદાન કેમ્પ યોજાયો, મોટી સંખ્યામાં દાતાઓએ રક્તદાન કર્યું



**શિનોર :** વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામે ફૈઝ ચેરિટેબલ ટ્રસ્ટ, ફૈઝ યંગ સર્કલ અને ઇન્દુ બ્લડ બેન્ક, વડોદરાના સંયુક્ત ઉપક્રમે ઈદે મિલાદુન્નબીના પાવન પ્રસંગે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સાધલી કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા આ રક્તદાન કેમ્પનું ઉદ્ઘાટન ટુંડાવના હઝરત ઝાકીર અલી બાવા તથા સાધલીના સરપંચ સંકેત પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં કલા શરીફના હઝરત મોઈન બાવા, રાજસ્થાનથી ખાસ ઉપસ્થિત રહેલા 'શેરે રાજસ્થાન' તરીકે ઓળખાતા સૈયદ નૂરુલ્લાહ શાહ બુખારી બાવા તેમજ વડોદરા ડોક્ટર એસોસિએશનના પ્રમુખ ડો. મહંમદ હુસૈન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### જેતપુરપાવી ખાતે મોહસીને આઝમ મિશન દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો



**જેતપુરપાવી :** જેતપુરપાવી ખાતે મોહસીને આઝમ મિશન દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન ધીરજ હોસ્પિટલના સહયોગથી કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન વિવિધ રોગોના નિષ્ણાત તબીબો ઉપસ્થિત રહી દર્દીઓની તપાસ કરી હતી અને જરૂરી તબીબી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પમાં જેતપુરપાવી તેમજ આસપાસના વિસ્તારોમાંથી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સર્વ રોગ નિદાન કેમ્પનો અંદાજે 300 જેટલા લોકોએ લાભ લીધો હતો. મોહસીને આઝમ મિશન દ્વારા કરવામાં આવેલી આ સેવાકીય કામગીરીને ઉપસ્થિત લોકોએ આવકારી હતી.

---

હાલોલ તાલુકાના વરસડા ગામમાં સર્વ સમાજની બેઠકમાં મહત્વનો નિર્ણય

## ભાગીને લગ્ન કરનાર કે સમાજ વિરુદ્ધ પગલું ભરનારને ગામમાં રહેવા નહીં દેવાનો ઠરાવ

ગામની સામાજિક વ્યવસ્થા, પરંપરા અને શિસ્ત જળવાઈ રહે તે મુદ્દે ચર્ચા કરવામાં આવી



(પ્રતિનિધી) હાલોલ, તા.6

પંચમહાલ હાલોલ તાલુકાના વરસડા ગામ ખાતે આજે સર્વ સમાજ ગામના વડીલો, સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, વિવિધ સમાજના આગેવાનો તેમજ યુવાનોની ઉપસ્થિતિમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગામની સામાજિક વ્યવસ્થા, પરંપરા અને શિસ્ત જળવાઈ રહે તે મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન વરસડા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ ગામના વિવિધ સમાજના આગેવાનો અને ગ્રામજનો દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

સર્વ સમાજની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું કે, વરસડા ગામમાંથી કોઈપણ સમાજનો દીકરો કે દીકરી પરિવાર અથવા સમાજની સંમતિ વિના ભાગીને લગ્ન કરે અથવા સમાજવિરુદ્ધ કોઈ પગલું ભરે તો તેને ગામમાં રહેવા દેવામાં આવશે નહીં. ગામના આગેવાનોના જણાવ્યા મુજબ, આવા કિસ્સામાં સંબંધિત વ્યક્તિએ ગામની બહાર જ્યાં રહેવું હોય ત્યાં રહી શકશે, પરંતુ તેને વરસડા ગામમાં રહેવાની મંજૂરી આપવામાં નહીં આવે. આ નિર્ણય કોઈ એક સમાજ પૂરતો મર્યાદિત ન રાખીને સર્વ સમાજ માટે સમાન રીતે લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું બેઠકમાં જણાવાયું હતું. સર્વ સમાજના આગેવાનો અને યુવાનોની હાજરીમાં નિર્ણય વરસડા ગામ ખાતે યોજાયેલી બેઠકમાં ગામના વડીલો ઉપરાંત સરપંચ, વિવિધ સમાજના આગેવાનો અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સામાજિક બાબતો અંગે ચર્ચા કર્યા બાદ સર્વ સમાજની સહમતીથી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું ગ્રામજનો દ્વારા જણાવાયું છે. આ નિર્ણયને લઈને ગામમાં ચર્ચા પણ શરૂ થઈ છે.

---

કરજણ નગરપાલિકા ખાતે સેવાસેતુ કેમ્પ યોજાયો

## ૨૫ પરિવારોને મળ્યો આવાસ યોજનાનો લાભ



(પ્રતિનિધી) કરજણ, તા.૬

કરજણ નગરપાલિકા દ્વારા આજે સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત સેવાસેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોને વિવિધ સરકારી જનકલ્યાણકારી યોજનાઓની સેવાઓ અને લાભો સરળતાથી, પારદર્શક રીતે તથા સ્થળ પર જ ઉપલબ્ધ કરાવવાનો હતો. આ સેવાસેતુ કેમ્પ દરમિયાન માતૃશક્તિ યોજના, બાળશક્તિ યોજના તથા 'પૂર્ણા' યોજના, વિધવા સહાય યોજના, વયવંદના યોજના, નિરાધાર સહાય યોજના, આભા કાર્ડ, હેલ્થ એન્ડ વેલનેસ કાર્ડ તથા નમો શ્રી યોજના સહિતની વિવિધ યોજનાઓના લાભો માટે જરૂરી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત PMJAY યોજના તથા PMMY યોજના, આધાર કાર્ડ અને રાશનકાર્ડમાં સુધારા-વધારા તેમજ નાણાકીય સાક્ષરતા સંબંધિત સેવાઓ અને માર્ગદર્શન પણ નાગરિકોને કેમ્પના માધ્યમથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ બનતાં નાગરિકોને સમય અને શ્રમની બચત સાથે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં સુવિધા મળી હતી.

---

લાભ મેળવવા માટે જરૂરી માર્ગદર્શન અપાયું

## હરિજાંબા પ્રાથમિક શાળાના શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એનાયત



(પ્રતિનિધી) ડભોઇ, તા.૬

ડભોઇ તાલુકાના પલાસવાડા ખાતે આજે સેવા સેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી અને ઘરઆંગણે મળી રહે તે હેતુસર આ કેમ્પ યોજાયો હતો. સેવા સેતુ કેમ્પ દરમિયાન નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ પાત્ર લાભાર્થીઓને વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો. સરકારી સેવાઓનો લાભ મેળવવામાં નાગરિકોને સરળતા રહે તે માટે સંબંધિત વિભાગો દ્વારા જરૂરી કામગીરી કરવામાં આવી હતી. આ સેવા સેતુ કેમ્પનો સેગુવાડા, વાલીપુરા અને કુંવરવાડા ગામના નાગરિકોએ લાભ લીધો હતો. કેમ્પમાં ઉપસ્થિત નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓની માહિતી સાથે પાત્રતા અનુસાર લાભ મેળવવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતના સભ્ય ભાવેશભાઈ પટેલ તથા ડભોઇના મામલતદાર પી. એન. જોશી ઉપસ્થિત રહ્યા હતા.

---

પોલીસે ખાનગી વાહનોમાં પેટ્રોલિંગ સઘન બનાવ્યું

## પાવી રેલવે ગરનાળા પાસેથી LCBએ ૧૬.૦૫ લાખનો દારૂ ઝડપ્યો



(પ્રતિનિધી) જેતપુરપાવી, તા.૬

છોટાઉદેપુર જિલ્લાના જેતપુરપાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાવી રેલવે ગરનાળા પાસે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે ટાટા ટ્રક ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ રૂ.31.20 લાખનો મુદ્દામાલ કબજે કરી બે ઈસમોની ધરપકડ કરી છે. એમ.એફ. ડામોર, પોલીસ ઈન્સ્પેક્ટર, એલસીબી છોટાઉદેપુરના માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફના પોલીસ કર્મચારીઓ જેતપુર પાવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ ખાનગી વાહનોમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. દરમિયાન મળેલી બાતમીના આધારે પાવી રેલવે ગરનાળા પાસે રોડ ઉપર વોચ ગોઠવી ટાટા ટ્રક નંબર GJ-34-T-7269ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

ટ્રકની તપાસ દરમિયાન ડ્રાઈવર કેબીન તથા ઉપરના કેબીનમાં કંપની સીલબંધ પ્લાસ્ટિકના કવાટરીયાની પેટીઓ તેમજ છૂટક કવાટરીયા મળી આવ્યા હતા. પોલીસે તપાસ કરતાં કુલ 5,000 બોટલ ભારતીય બનાવટના વિદેશી દારૂ, જેની કિંમત રૂ.16,05,000 હોવાનું સામે આવ્યું હતું.

---

ખેડૂતો જમીન સંપાદન ની કાર્યવાહી થવા દેશે નહીં

## ડભોઈ સમલાયા બ્રોડગેજ લાઈનને લઈ ખેડૂતો અન્યાય થી નારાજગી

(પ્રતિનિધી) ડભોઇ, તા.૬

ડભોઇ સમલાયા નેરોગેજ રેલ્વે ના બ્રોડગેજ પરીવર્તનને લઈને તરસાણાના ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવી રહેલ છે જેમાં પ્રાથમિક જાહેરનામા વખતે તરસાણા ગ્રામ પંચાયત હતી જેથી પ્રાથમિક જાહેરનામા સમયે તરસાણા ગામ ને ગ્રામ્ય વિસ્તાર ગણી નવા કાયદા મુજબ બે નો ગુણાંક કરી ૧૦૦ ટકા આશ્વાસન રકમ આપી ખેડૂતો ને રકમ ચૂકવવા નો એવોર્ડ તૈયાર થઈ ગયેલ તે આ જાહેરનામા બાદ આ ગામ નો સમાવેશ નગરપાલિકા મા થઈ ગયેલ ખેડૂતો ની રકમ અડધી કરી દેવામાં આવી અને જંત્રી પણ ગ્રામ્ય વિસ્તાર ની ગણી ખેડૂતો ને બે ના ગુણાંક ને બદલેએક નો ગુણાંક આપી સરકાર દ્વારા ખેડૂતો ને આર્થિક નુકસાન પોહચાડવામા આવેલ છે જેની સામે ખેડૂતો એ નામદાર હાઈકોર્ટ મા દાવો દાખલ કરી તરસાણા ગામ ને ગ્રામ્ય વિસ્તાર ગણી ચાર ગણુ વળતર આપવાની માંગણી કરેલ છે અને જયાં સુધી તરસાણા ગામ ના ખેડૂતો ને ચાર ગણું વળતર આપવામાં નહીં આવે ત્યાં સુધી આ યોજના મા ખેડૂતો જમીન સંપાદન ની કાર્યવાહી થવા દેશે નહીં અને આ યોજના મા ખેડૂતો સ્થળ પરનો કબજો ખેડૂતો આપશે નહીં તેવું તરસાણા ગામ ના જમીન ગુમાવનાર ખેડૂતો એક નિવેદન મા જણાવ્યું છે તેમ જ જમીન સંપાદન અધિકારી ડભોઇ દ્વારા જમીન સંપાદનની કાર્યવાહી ચાલતી હતી આ યોજના માં જમીન સંપાદન કરવાથી જમીન ગુમાવનાર ખેડૂતો ની બાકી રહેતી જમીન મા પાણી ભરાઈ જવા ને કારણે પાક માં મોટું આર્થિક નુકસાન વેઠવુ પડે તેમ છે.

---

### સિંગવડના અનેક ગામોમાં મોબાઈલ નેટવર્કની સમસ્યા ઘેરી બની

સિંગવડ : આદિવાસી વિસ્તાર ધરાવતા સિંગવડ તાલુકાના અંતરિયાળ ગામોમાં જીયો, એરટેલ, વીઆઈ BSNL સહિતની કોઈપણ કંપનીનું નેટવર્ક વ્યવસ્થિત આવતું નથી. જેના કારણે ઓનલાઈન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ખેડૂતો, સરકારી દુકાન ના રેશનકાર્ડ ધારકો નોકરિયાત વર્ગ અને સામાન્ય નાગરિકોને રોજિંદા કામકાજમાં અડચણ ઉભી થાય છે. કોઈને ઈમરજન્સી માં 108 કે પછી 112 પર ફોન કરવો હોય તો પણ જ્યાં નેટવર્ક આવતું હોય તે જગ્યાએ જવું પડે છે. જ્યારે મોબાઈલ ધારકો દ્વારા માસિક રિચાર્જ કરવામાં આવે છે, પરંતુ નેટવર્ક ન હોવાથી ન તો કોલ થઈ શકે છે કે ન તો ઈન્ટરનેટ વાપરી શકાય છે.

---

ભથવાડા ટોલનાકા હુમલા કેસમાં કાયદાનો પાઠ ભણાવ્યો

## પીપલોદ પોલીસે ગણતરીના કલાકોમાં બે આરોપીઓને દબોચ્યા

પીપલોદ પોલીસની ઝડપી કાર્યવાહીથી આરોપીઓમાં ફફડાટ

(પ્રતિનિધી) દાહોદ, તા.૬

દાહોદ જિલ્લાના પીપલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ભથવાડા ટોલનાકા ખાતે ટોલના રૂપિયા બાબતે થયેલી મારામારી અને જાનથી મારી નાખવાના પ્રયાસના ગંભીર ગુનામાં પીપલોદ પોલીસે ગણતરીના કલાકોમાં જ બે આરોપીઓને ઝડપી પાડી કાયદાનો પાઠ ભણાવ્યો છે. મળતી માહિતી મુજબ, ફરીયાદી કાળુભાઈ દલાભાઈ ભરવાડે નોંધાવેલી ફરિયાદ અનુસાર તા. 04/09/2026ના રોજ ભથવાડા ટોલનાકા ખાતે ટોલના રૂપિયા ન આપવા મુદ્દે સેન્ટ્રો કાર નંબર GJ-24-AQ-4689ના ચાલક સહિતના શખ્સોએ ટોલ કર્મચારીઓ સાથે ઝઘડો કરી મારામારી કરી હતી. ફરિયાદ મુજબ આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, કાર પુરઝડપે હંકારી ફરીયાદી અને સાહેદો ઉપર ચઢાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કારની ટક્કરથી ફરીયાદી હવામાં ફંગોળાતા શરીરે હાથ-પગ સહિતના ભાગે ઈજાઓ પહોંચી હતી. સમગ્ર મામલે પીપલોદ પોલીસે બી.એન.એસ. કલમ 109, 115(2), 352, 351(2) અને 54 હેઠળ ગુનો નોંધી તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસ ટીમે ઝડપી કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં સેબાજઅલી અબ્દુલકાદર મકરાણી અને ફેઝાનઅલી જાવીદહુસેન મકરાણીને ઝડપી પાડ્યા છે. પકડાયેલા બંને આરોપીઓના પોલીસ રિમાન્ડ મળે છે. પીપલોદ પોલીસની આ ત્વરિત અને અસરકારક કાર્યવાહીએ અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાવ્યો છે.

---

## ડભોઈમાં વેશભૂષા સાથે કાનુડાનો વરઘોડો નિકળ્યો



(પ્રતિનિધી) ડભોઇ, તા.૬

ડભોઇ મા પાછલા ઘણા વર્ષોથી કૃષ્ણ જન્માષ્ટમી ના બીજે દિવસે દેવીપુજક સમાજના લોકો ધ્વારા વિવિધ વેશભુષા સાથે સ્ટેશન વિસ્તાર ના સંતપુરી થી કાનુડાનો વરઘોડો ડી.જે.ના તાલ સાથે કાઢવામા આવે છે.આ કાનુડાના વરઘોડામા દેવીપુજક સમાજ ના લોકો મોટી સંખ્યામા જોડાય છે.કારણકે અન્ય કોઇ તહેવારો કરતા આ કાનુડાના વરઘોડાનો દેવીપુજક સમાજ ના લોકોમા અનેરો ઉત્સાહ જોવા મળે છે. કાનુડા નો વરઘોડો જોવાનો ઉત્સાહ નગર ના હિન્દુ,મુસ્લિમ સમાજ ના લોકો મા પણ વર્ષોથી ક્રેજ જોવા મળે છે.આજરોજ સાંજના 04-વાગે ડી.જેના તાલે નિકળેલા કાનુડાના વરઘોડા મા ડભોઇ સહીત દુરદુર ના ગામો માથી પણ દેવીપુજક સમાજ ના લોકો ડભોઇ આવી કાનુડા ના વરઘોડા મા સામેલ થવાનો લ્હાવો લીધો હતો. ડભોઇ ના સંતપુરી વિસ્તાર માંથી નીકળેલ કાનુડા ના વરઘોડામા સામેલ હનુમાનજી,કાનુડો, શંકર ભગવાન ની વેશભૂષા ધારણ કરતાઓએ તેમજ રાક્ષસો એ દાવપેચ રમી ભવાઇ ધ્વારા ભારે આકર્ષણ જમાવ્યુ હતુ.

---

સ્ટેશન વિસ્તારને સ્વચ્છ બનાવવાની કામગીરી પણ હાથ ધરાઇ

## છોટાઉદેપુર રેલવે સ્ટેશન બહાર પાલિકાનું બુલડોઝર ફર્યું વળ્યું



(પ્રતિનિધી) છોટાઉદેપુર, તા.૬

છોટાઉદેપુરથી એક મહત્વના સમાચાર મળી રહ્યા છે. છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા રેલવે સ્ટેશન વિસ્તારમાં વર્ષો જૂના દબાણો પર મોટું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. રેલવે સ્ટેશન બહાર નડતરરૂપ બનતા 9 થી 10 જેટલા લારી-ગલ્લાના દબાણો દૂર કરી તંત્ર દ્વારા રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો છે. આ સાથે જ સ્ટેશન પરિસરની બીહાર પડી રહેલા ભંગાર વાહનો અને કચરો સાફ કરીને સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. છોટાઉદેપુર રેલવે સ્ટેશન પાસે છેલ્લા ઘણા સમયથી લારી-ગલ્લા અને ગેરકાયદેસર કબ્જો જમાવી બેઠેલા દબાણકર્તાઓ સામે નગરપાલિકા તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આજરોજ નગરપાલિકાની ટીમ દ્વારા કડક વલણ અપનાવીને રેલવે સ્ટેશન બહારના 9 થી 10 જેટલા વર્ષો જૂના દબાણો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. આ દબાણ હટાવો ઝુંબેશ દરમિયાન કોઈ અણબનાવ ન બને અને કામગીરી ઝડપથી થાય તે માટે છોટાઉદેપુર પાલિકાના ઈનચાર્જ પ્રમુખ પરવેઝભાઈ મકરાણી તથા ચીફ ઓફિસર ભાવિનભાઈ બરજોડ ખુદ સ્થળ પર ઉપસ્થિત રહ્યા હતા.

---

### ભારતમાં જાળવાતા કોર ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સોર્સ કોડ સાથે નવી પ્રાઈવસી સુવિધાઓ ઉપલબ્ધ

વડોદરા : Ai+ સ્માર્ટફોને Nxt Quantum OS v1.1 રોલઆઉટ કર્યું છે. નવા વર્ઝનમાં પ્રાઈવસી ફ્રેમવર્કને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે અને એપ્લિકેશન્સ ઉપકરણો તથા યુઝરના ડેટા સુધી કેવી રીતે પહોંચે છે તેના પર વધુ વિઝિબિલિટી અને નિયંત્રણ આપવામાં આવ્યું છે. ડેટા સોવરેનિટી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને Nxt Quantumમાં સોવરેન ડેટા બાઉન્ડ્રી લાગુ કરવામાં આવી છે. કંપનીના જણાવ્યા મુજબ, એપ્લિકેશન ડેટા ટ્રાફિકનો 100 ટકા હિસ્સો સ્થાનિક, ભારત-હોસ્ટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મારફતે રૂટ થાય છે. NxtQuantum Shift Technologiesના CEO માધવ શેઠે જણાવ્યું હતું કે, "ટેકનોલોજીનું ભવિષ્ય માત્ર તે શું કરી શકે છે તેનાથી નહીં, પરંતુ લોકો તેના પર કેટલો વિશ્વાસ કરી શકે છે તેનાથી વ્યાખ્યાયિત થાય છે."કંપનીના જણાવ્યા મુજબ, જરૂરી Google core services સિવાયનો બાહ્ય ટ્રાફિક પણ ભારતની બહાર મર્યાદિત છે.

---

કાલોલ વોર્ડ નં. ૪માં વર્ષોની સમસ્યાનો આવ્યો અંત

## ભાગ્યોદયથી વૃંદાવન સુધીનો મજબૂત CC રોડ બનતા ખુશીનો માહોલ

મતભેદ વગરની રાજનીતિ અને વિકાસલક્ષી અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી કાલોલ નગરપાલિકા



(પ્રતિનિધી) કાલોલ, તા.૬

કાલોલ નગરપાલિકાના વોર્ડ નં. ૪ માં વર્ષોથી બિસ્માર હાલતમાં રહેલા જાહેર માર્ગનું કામ પૂર્ણ થતાં સમગ્ર વિસ્તારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાગ્યોદય સોસાયટીથી વૃંદાવન સોસાયટીના ઢાળ સુધી, હાઈવેને જોડાતા મહત્વપૂર્ણ જાહેર માર્ગનું ગુણવત્તાયુક્ત CC રોડનું કામ પૂર્ણ થયું છે. આ માર્ગ છેલ્લા ઘણા વર્ષોથી ખાડાઓ અને બિસ્માર હાલતના કારણે સ્થાનિક રહીશો તેમજ આ માર્ગ પરથી રોજિંદી અવરજવર કરતા વાહનચાલકો માટે ભારે મુશ્કેલીનું કારણ બન્યો હતો. ખાસ કરીને છેલ્લા પાંચ વર્ષથી આ સમસ્યા વધુ ગંભીર બની હતી. સ્થાનિક લોકોની લાંબા સમયથી ચાલતી આ સમસ્યાને ધ્યાનમાં રાખીને વોર્ડ નં. ૪ના કાઉન્સિલરો. હર્ષદપુરી ગોસાઈ, મીનાબેન કે. સુથારીયા,સાયરાબીબી કાનોડિયા તથા અબ્દુલસલામ કોસિયા તેમજ નિલેશ સુથારીયા, અબ્દુલસલામ કાનોડિયા દ્વારા સતત રજૂઆતો કરવામાં આવી હતી. કાઉન્સિલરો દ્વારા માત્ર રજૂઆત પૂરતી જ નહીં પરંતુ રોડનું કામ શરૂ થયા બાદ પણ સતત સ્થળ પર દેખરેખ રાખી રોડની ગુણવત્તા, મજબૂતી તથા કામ યોગ્ય રીતે થાય તે અંગે સતત તકેદારી રાખવામાં આવી હતી. રોડના કામમાં પણ ગુણવત્તાને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું